### 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યક્તિને

# ફરસીપુરી, ચવાણુ, ચીકી અને ચોકલેટ્સ ફૂડપેકેટમાં અપાશે

## રોડ-શોના રૂટ પર ૪ અને જિલ્લાના અન્ય ૪ પોઈંટ મળી કુલ ૮ મેડીકલ ટીમો તૈનાત કરાશે

ગાંધીનગર, તા. ૨૨

૨૪મી ફેબ્રુઆરીનો સોમવારે અમદાવાદની મુલાકાતે આવી રહેલ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યક્રમમાં ભાગ લેવા જનાર વ્યક્તીઓને ફૂડ પેકટ્સમાં ચાર નંગ ફરસી પુરી, અથાણુ, ૨૦૦ ગ્રામ મીક્સ ચવાણુ, ચીકી તેમજ બે નંગ કેન્ડી અને પાંચ ચોકલેટ પીરસવામાં આવશે. આ ઉપરાંત બે બોટલ પાણીની પણ અપાશે.

આ પેકેટ તૈયાર કરવા માટે અમદાવાદની કોઈ એજન્સીને ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

સવારે ૮ વાગે પહેલી બસ રવાના થશે અને ૧૦ વાગ્યા સુધીમાં જિલ્લામાંથી તમામ બસો પહોંચી જાય તે રીતે આખી વ્યવસ્થાને તંત્ર દ્વારા આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાંથી ૨૫ હજાર જેટલા લોકો આ બન્ને કાર્યક્રમમાં ભાગ લેવા જનાર છે. આ માટેની તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં તંત્ર વ્યસ્ત બની ગયુ છે. ત્રણ દિવસની રજામાં પણ તંત્રના અધિકારીઓ સતત તૈયારીઓમાં વ્યસ્ત રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાતંત્રએ રોડ શૉ ને લઈ ૮ જેટલી મેડીકલ ટીમો પણ જિલ્લાભરમાં તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. જેમાં ચાર ટીમો રોડ શૉ ના રૂટ પર તો ચાર ટીમો છત્રાલ, રખિયાલ, ચિલોડા અને દેવકરણના મુવાડા ખાતે તૈનાત કરવામાં આવનાર છે.

આ મેડીકલ ટીમોમાં એક તબીબ, ફાર્માસીસ્ટ, બ્રધર અને એક વર્ગ-૪ના કર્મચારીનો સમાવેશ થાય છે. આ ટીમોની નિયુક્તી અંગેના ઓર્ડર પણ કરી દેવામાં આવ્યા છે.

આ ઉપરાંત રોડ શૉ ના રૂટ પર બનાવવામાં આવનાર કલા દર્શનના સ્ટેજ માટે પણ અધિકારીઓની ખાસ ટીમો બનાવવામાં આવી છે. પાર્કિંગ માટે પણ ખાસ ટીમોનું ગઠન કરવામાં આવ્યુ છે. વર્ગ-૧-૨ અને ૩ ના કર્મચારીઓને આ માટે જવાબદારી સોંપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



ફાગણ ફોરમ તો આયો... - રંગ - ઉમંગનો મહિનો એટલે ફાગણ... આજથી ફાગણનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે મારવાડી પરિવારો ઉમંગની અભિવ્યક્તિ કરતાં ઠેર ઠેર જોવા મળે છે... ઘડી-બેઘડી ડફલી વગાડી ફાગણના ગીતો ગાઈને મનમાં ઉમંગના તરંગ ઉભા કરતા દશ્યો આ અઠવાડિયાને છલકાવશે...

# શહેરમાંથી ૫ હજાર નગરજનો મોટેરા સ્ટેડીયમ ખાતે જશે

## નગરજનો માટે વોર્ડ પ્રમાણે બસની વ્યવસ્થા કરાઈ છે, જિલ્લામાંથી ૧૦ હજાર નાગરીકો રોડ શો અને સ્ટેડિયમ ખાતે ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૨

વિશ્વની લોકશાહીની બે મહાસત્તાના વડાઓને આવકારવા માટે અમદાવાદમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૪ ને સોમવારના રોજ અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચશે. ત્યારબાદ અમદાવાદ એરપોર્ટ થી લઈને મોટેરા સ્ટેડિયમ સુધીના માર્ગ પર રોડ શો યોજાશે. ત્યારે આ ભવ્ય કાર્યક્રમ માટે ગાંધીનગર મહાનગરમાંથી યુવાઓ, મહિલાઓ, સામાજીક આગેવાનો, ઉદ્યોગકારો, નગરજનો, ભાજપ કાર્યકર્તાઓ મળીને કુલ ૫ હજાર નાગરીકો રોડ શો અને સ્ટેડિયમ ખાતે ઉપસ્થિત રહેશે.

ત્યારે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા વોર્ડ દીઠ નાગરીકોને સ્ટેડિયમ સુધી લઈ જવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે બસ વોર્ડમાં સમાવેશ સેકટરમાં કયા સ્થાને ઉભી રહેશે. તેમાં વોર્ડ નં. ૧ માં સકેટર-૨૬ અને સેકટર-૨૭ ખ રોડ નજીક શિવશકિત પાર્લર સેકટર-૨૮ શોંપીગ સેન્ટર, વોર્ડ નં.૨ જી.ઈ.બી. બોરીડ અને બાસણ, વોર્ડ નં.૩ સે-૨૨ પંચદેવ મંદિર, વોર્ડ નં.૪ સે-૨૪ ચંદ્રફોટો સ્ટુડીયો, વોર્ડ નં,૫ સે-૧૩ લિંમ્બચ માતાનું મંદિર સે-૧૫ ફતેપુરા મહાકાલી માતાનું મંદિર સે-૧૪ ગુપ્તા કોમ્પલેક્ષ, વોર્ડ નં.૬ સે-૭ બગીચાની સામે, સે-૧૨ ઉમિયામાતા મંદિર, વોક્ડ નં.૭. સે-૬ અપના બજાર પાસેનું શોંપીગ, વોર્ડ નં.૮ માં સે-૧ ગાયત્રી મંદિર, સે-૨ સ્વામીનારાયણ મંદિર, સે-૪ ઓમકારેશ્વર મંદિરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સવારે ૭ વાગે ચ, ઘ અને ગ માર્ગ પર વિવિધ સ્થળો પર બસ કાર્યકર્તાઓ અને નાગરીકોને સ્ટેડિયમ જવા માટે પીકઅપ કરવા ઉભી રહેશે. જેમાં ચ માર્ગ પર ચ-૦, ચ-૨, ચ-૩, ચ-૫, ચ-૬, ઘ માર્ગ પર પીકઅપ પોઈન્ટ ઘ-૦, ઘ-૨, ઘ-૩, વીટકોસ બસસ્ટેન્ડ, ઘ-૫, ઘ-૬, તેમજ નાના ગ માર્ગ પર ગ-૦, ગ-૨, ગ-૩, ગ-૫, ગ-૬, ખાતેથી સવારે ૭ વાગે બસ સ્ટેડિયમ જવા માટે રવાના થશે. જયારે તમામ રૂટની બસો સેકટર-૧૧ રામકથા થઈને પસાર થશે. નાગરીકો તેમજ કાર્યકરોએ તમામ રૂટમાંથી કોઈપણ એક રૂટની બસમાં બેસવા માટે ગાંધીનગર મહાનગર પ્રમુખ મહેન્દ્ર પટેલ (દાસ) દ્વારા અનુરોધ કરાયો છે. જયારે ગાંધીનગર મહાનગર અને જિલ્લામાંથી વિવિધ મંડળના મળીને કુલ ૧૫ હજાર કરતા વધુ નાગરીકો-કાર્યકર્તાઓ રોડ શો અને સ્ટેડિયમ ખાતે ઉપસ્થિત રહેશે.

## ઈન્દિરા બ્રિજથી એપોલો સર્કલ અને ભાટ - કોટેશ્વર ચોકડીથી મોટેરા સ્ટેડિયમ તરફ જવાના બંને માર્ગો બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૨

અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૪મીના રોજ અમદાવાદ એરપોર્ટથી મોટેરા સ્ટેડીયમ ખાતે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં હાજરી આપવા માટે જશે. અમેરીકાના પ્રમુખ અને વડાપ્રધાનના રોડ શો દરમિયાન સલામતી અને સુરક્ષાને ધ્યાને રાખીને કેટલાક માર્ગો સામાન્ય નાગરીકો માટે બંધ રાખવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના પણ ઈન્દીરાબ્રિજ થી એપોલો સર્કલ સુધી તેમજ ભાટ કોટેશ્વર ચોકડીથી મોટેરા સ્ટેડીયમ તરફ જવા માટેના બંન્ને માર્ગ બંધ રાખવામાં આવ્યા છે. જયારે તા.૨૪ મી ના રોજ ગાંધીનગર અમદાવાદ આવન-જાવન કરતા નાગરીકોને વૈકલ્પિક માર્ગ પર જવા માટે અપીલ કરવામાં આવી છે.

ત્યારે નાગરીકોને વૈકલ્પિક માર્ગ તરીકે ઈન્દીરા બ્રિજ અમદાવાદ તરફ જતા વાહનો માટે એપોલો સર્કલથી રણાસણ સર્કલ અથવા એપોલો સર્કલથી તપોવન સર્કલ રીંગરોડ થઈને જઈ શકશે. તો ઈન્દીરાબ્રિજથી ગાંધીનગર તરફ આવતા વાહનો આ જ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરી શકશે.

ભાટ ગામ તેમજ આસપાસના વિસ્તારમાં આવેલી સોસાયટીના રહીશો ગામના આંતરીક માર્ગથી ભાટ ટોલટેક્ષ રીંગ રોડ પરથી જઈ શકે છે. જયારે મોટેરા સ્ટેડિયમના કાર્યક્રમમાં મોટીસંખ્યામાં બસો જવાની હોવાથી રણાસણ સર્કલથી વૈષ્ણોદેવી સર્કલ સુધીનો માર્ગ નો પાર્કીંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

# જિલ્લામાંથી ટેકાના ભાવે ૩૩,૫૦૦ ક્વીન્ટલ મગફળી ખરીદવામાં આવી

## રાયડો અને ચણાની ટેકાના ભાવે ૧લી માર્ચથી ખરીદી આરંભાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાંથી ૩૩,૫૦૦ ક્વીન્ટલ મગફળીનું ૧૯૫૪ ખેડૂતો દ્વારા ટેકાના ભાવે વેચાણ કરવામાં આવ્યુ છે.

જિલ્લામાં મગફળી ટેકાના ભાવે વેચવા માટે પોર્ટલ પર ૩૭૭૮ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. પાછળથી મગફળીના ભાવ બજારમાં ઉંચકાતા ખેડૂતોએ ટેકાના ભાવનો બદલે ખુલ્લા બજારમાં તેનુ વેચાણ કર્યુ હતુ.

જિલ્લામાં ૫૧૦૦ હેકટરથી પણ વધુ વિસ્તારમાં મગફળીનું વાવેતર થયુ હતુ. પાછોતરો વરસાદ સારો થતાં જિલ્લામાં મગફળીનું પણ મબલક ઉત્પાદન થયુ હતુ.

મગફળીની ખરીદી માટે બે કેન્દ્રો પુરવઠા વિભાગે નિયત કર્યા હતા. મગફળીની ખરીદીની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

હવે હાલ ચણા અને રાયડાનો ટેકાના ભાવે ખરીદી કરવા માટે રજીસ્ટ્રેશનની કામગીરી ચાલી રહી છે. ૧લી માર્ચથી આ બન્ને રવિ પાકની ખરીદી શરૂ થશે. આ માટે પણ બે કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.


# વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે

## ડાયરો અને સન્માન સમારોહ

## જાહેર નિમંત્રણ

**દિનાંક : ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૦, રવિવાર, સાંજે ૭:૩૦ વાગ્યે**
**સ્થળ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું પ્રાંગણ, સેક્ટર-૨૦, ગાંધીનગર**



લેખક
**શ્રી ધ્રુવ પ્રબોધરાય ભટ્ટ**
સફળ નવલકથાકાર
'તત્વમસિ' (રેવા ફિલ્મની ગંગોત્રીરૂપી નવલકથા)
'અકૂપાર', 'સમુદ્રાન્તિકે' જેવી સબળ નવલકથાના સર્જક

કવિ
**શ્રી જિગર જોષી 'પ્રેમ'**
ગઝલ, ગીત, અછાંદસ
બાળકાવ્યો, ઉખાણાં, જોડકણાં
જેવા સાહિત્ય પ્રકારોમાં ખેડાણ





વિદ્યાર્થી
**કુ. રાધા મહેતા**
એમ. એ. સંસ્કૃત – અભ્યાસરત
માતૃભાષા ગુજરાતીને ઉચ્ચાસને સ્થાપીને
ગૌરવવંતી કરવાનું કાર્ય કરતી વિદ્યાર્થિની

વિદ્યાલય
**શ્રીમતી પી. ડી. શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલય અંકલેશ્વર**
ભાષા અને સંસ્કારસાયુજ્યનું
રખોપું કરતી શૈક્ષણિક સંસ્થા




આ પ્રસંગે **કવિ શ્રી તુષાર શુક્લ**ની વિશેષ ઉપસ્થિતિમાં જાણીતા લોકગાયક **શ્રી ભીખુદાન ગઢવી (ગાંધીનગર)** અને સાથી કલાકારો દ્વારા ભારતીય પરિવારની સંકલ્પના તથા માતૃભાષાનો મહિમા કરતો ડાયરો યોજાશે.

આ જાહેર કાર્યક્રમમાં પધારવા આપને ભાવભીનું આમંત્રણ છે.

નિમંત્રક
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
અને
માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન, ગાંધીનગર


## ટ્રમ્પની મુલાકાત ટોક ઓફ ધ ટાઉન બની

ગાંધીનગર,તા. ૨૨

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મલેનિયાને તા.૨૪મી ફેબ્રુઆરીએ આવકારવા અને તેમના ભવ્યાતિભવ્ય સ્વાગત માટેની તડામાર તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. ખાસ કરીને ટ્રમ્પ અને મોદીના મેગા ઈન્ડિયા રોડ શો અને મોટેરા સ્ટેડિયમમાં તેમના નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને જબરદસ્ત સફળ બનાવવા માટે ખુદ રાજય સરકાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, વહીવટી તંત્ર અને ખુદ ભાજપના નેતાઓ અને આગેવાનો દોડધામ કરી રહ્યા છે અને ઉપરથી મળેલી સૂચના મુજબ, લાખોની જનમેદની તા.૨૪મી ફેબ્રુઆરીએ એકત્ર કરવામાં સૌકોઈ જોતરાયા છે. તો, બીજીબાજુ, ટ્રમ્પ અને મોદીની મુલાકાત, વિશાળ રોડ શો અને નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને લઈ અમેરિકી સુરક્ષા એજન્સીઓને લઈ સ્થાનિક પોલીસ, બીએસએફ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા ફુલપ્રુફ સુરક્ષા વ્યવસ્થા ખડકી દેવાઈ છે. આજે મેગા રોડ શોના સમગ્ર રૂટ પર પોલીસ દ્વારા વિધિવત્ ફરી એકવાર રિહર્સલ કરવામાં આવ્યું હતુ, જેમાં પોલીસના અત્યંત આધુનિક સુરક્ષા ઉપકરણો સાથેના સાધનો, જીપ સહિતના વાહનોનો લાંબો ખડકલો રૂટના માર્ગો પર જોવા મળતો હતો. તો, સાથે સાથે રૂટના માર્ગો અને સ્થાનો પર ભારત અને અમેરિકાના રાષ્ટ્રધ્વજ, મોદી-ટ્રમ્પના ફોટાવાળા બેનરો, રોડ-શો અને નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમના બેનરો સહિતના કટઆઉટ અને આકર્ષણો છવાયા હતા. જેને લઈને હવે ટ્રમ્પની અમદાવાદ મુલાકાત જાણે ટોક ઓફ ધી ટાઉન બની છે., તો તંત્રની સાથે સાથે હવે સ્થાનિક લોકોમાં પણ ટ્રમ્પ અને તેમની પત્નીની તા.૨૪મીની મુલાકાતને લઈ ભારે ઈન્તેજારી જોવા મળી રહી છે. એરપોર્ટ પર આવતાં તમામ મુસાફરો અને તેમના માલ-સામાનની બારીકાઈથી ચેકીંગ અને તપાસ થઈ રહ્યા છે.









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com